# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સાફ નીયત હોય તો રસ્તો મળે,
ને એ સહમત હોય તો રસ્તો મળે.

હોય પગમાં જોર તો રસ્તો મળે,
હોય મનમાં જોમ તો રસ્તો મળે.

ના મળે એમજ અનાયાસે કદી,
લક્ષ્ય નક્કી હોય તો રસ્તો મળે.

છો રહ્યો અંધાર ચારે કોર પણ,
જ્યોત અંદર હોય તો રસ્તો મળે.

આભના નકશા કશે મળતા નથી,
મેપ દિલના ખોલ તો રસ્તો મળે.

- દેવાંગ પરીખ

## પાથેય

- રમેશ ઠક્કર

### નમણી શેરી અને બોલકણા રસ્તા !

ગામ કે નગરનો નાનકડો રસ્તો હોય કે શહેરનો ધમધમતો કોઈ રોડ માણસને મારગની પણ માયા લાગી જતી હોય છે..એક જમાનામાં અમદાવાદના રીચી રોડનું ભારે કુતુહલ રહેતું..શેરી એ આમ તો રોડનો કોશેટો જ ગણાય..ગામ જ્યારે વિસ્તરે છે ત્યારે કોઈ નમણી શેરી પણ બોલકણો રોડ બની જતી હોય છે !

અમદાવાદમાં રિલીફ રોડ તો હજુ એ નામે જ જાણીતો છે,પણ રિચી રોડ ગાંધી રોડ તરીકે લોકજીભે સહજ સ્થાન પામી ગયો છે ! એક જમાનામાં સી.જી રોડ હજુ સજજ ન્હોતો થયો..એસ.જી.રોડ તો નાના નાના ગ્રામ્ય માર્ગોમાં વિખરાયેલો ઓળખની તલાશમાં હતો..આશ્રમથી આશ્રમ એટલે ગાંધીઆશ્રમથી સન્યાસ આશ્રમ સુધીનો આશ્રમરોડ જ એ સમયના અમદાવાદનો નાભિશ્વાસ હતો !..

ગાંધીનગર હજુ પાટનગર તરીકે પગરવ કરતું હતું ત્યારે પથિકાશ્રમ રોડ એટલે કે ઘ રોડ જ એકમાત્ર સળવળાટ કરતો..આજનો સૌથી આકર્ષક રોડ મહાત્મા મંદિર રોડ એટલે કે ખ રોડ જ છે એમાં બે મત નથી..પણ મને હંમેશાં ગમતો રોડ ચ રોડ છે...એમાં ફક્ત ચમક જ નહીં એક ગાંભીર્ય પણ હતું..નેવુંના દાયકાની આખર સુધી ચ રોડ ઉપર જે ચાલ્યા હશે એને ગાંધીનગર કયારેય શુષ્ક નહીં લાગે ! ચ રોડની એ આછીપાતળી ચહલપહલ.. એક સાથે ગામડાની સુગંધ અને શહેરી હવાનો સહિયારો અનુભવ કરાવતી !

સમય જ બળવાન હોય છે એ રોડ રસ્તાઓને પણ લાગુ પડે છે..મહેસાણામાં બિલાડી બાગ નામે રોડ છે. રાજકોટનો મોટી ટાંકી રોડ બહુ ગમતો..યાજ્ઞિક રોડ તો નવું આકર્ષણ છે..બીજા શહેરોની તો ખબર નથી થોડાંક જોયેલાં નગરોમાં..રાજુલા સિટીનો જાફરાબાદ રોડ બહુ ગમતો ત્યાં ચાલવાની મજા આવતી ! રસ્તાઓ પણ અવનવી રીતે આકાર પામે છે કેટલાક સહજ કેટલાકને નવેસરથી નામો અપાય છે..મોટાભાગના શહેરોમાં એક એમ.જી.રોડ એટલે કે મહાત્મા ગાંધી રોડ અચૂક હોય છે..!

વડોદરાની રાવપુરા રોડ ઉપર છ સાત માસ રહેવાનું થયેલું...નિવાસસ્થાન હતું એક જૂની ખખડધજ ધરમશાળા ! જેલ રોડ ઉપર અમારી ઓફિસ હતી..મહાનગરોના અનેક રોડ ફિલ્મો કે નવલકથાઓને કારણે જાણીતા બન્યાના દાખલા છે..કોલકત્તાનો ચૌરંઘી લેન રોડ..દિલ્હીનો સંસદ ભવન રોડ કે મુંબઈનો ચર્ની રોડ સહજ યાદ આવે છે..મને એક મુંબઈ નિવાસી અરજદાર મળેલા..એમણે જે સરનામું આપ્યું એમાં રોડનું નામ હતું આર.આર.ઠકકર રોડ ! જગતમાં મારા નામનો પણ રોડ છે એ જાણી રોમાંચ થયેલો !

શહેરના અસબાબને આગવી ઓળખ આપતા અવનવા રોડ અને એમનાં નામાભિધાન અને એનો અભ્યાસ પણ રસપ્રદ છે..આજકાલ અમદાવાદમાં એસ.પી.રીંગ રોડ અને એના ટ્રાફિકની બોલબાલા છે..રસ્તાઓ માણસને ચાલતાં શીખવાડે છે એટલું જ નહીં..રસ્તાઓ માણસની સફરનાં સીમાચિહ્ન પણ બની જતા હોય છે !

# ઓશો એમના પ્રવચનોમાં જેના કિસ્સાઓનો વારંવાર ઉલ્લેખ કરે છે એ મુલ્લા નસરુદ્દિનનું કેરેક્ટર આવ્યું છે ક્યાંથી?

બાળકનું વિશ્વ અનોખું છે. બાળકની આંખોનુ વિસ્મય અને એના અનેક અર્થોનું આસમાન અનેરું હોય છે. વિશ્વભરના



ચિંતકોના મંથન પછી એક સહજ અર્થ જગતને આપ્યો કે, મનુષ્યના આરંભથી અંત સુધી સમગ્ર જીવનમાં વાર્તાનું સ્થાન સર્વોચ્ચ રહ્યું છે. વાર્તા સાંભળવી કે પછી કહેવી મનુષ્યનો સહજ સ્વભાવ છે. દાદા – દાદી, નાના – નાની કે માતા-પિતાની ગોદમાં રોજ રાત્રે રમતા-રમતા વાર્તા સાંભળીને જ ઊંઘ આવે એવો અનુભવ લગભગ તમામનો હશે.

બાળકની વિસ્મયભરી આંખોમાં વાર્તાઓ હસીન રંગીન કલ્પનાઓમાં વિહરવાનો અને રસના ફુવારામાં ન્હાવાની અદભૂત અનુભૂતિ કરાવે છે. મઝાની સ્વર્ગીય દુનિયામાં દોરી જતી પરિકલ્પનાઓમાં વિચરણ કરાવતી વાર્તાઓની દોસ્તી મનુષ્યને બાલ્યાવસ્થામાં થોડી ઘણી સમજ આવતા બંધાઈ જાય છે અને પછી કાળક્રમે વાર્તાઓ સાથેની એની મિત્રતા વધુ પાકટ અને પ્રગાઢ બનતી જાય છે. વિક્રમ-વેતાલ, પંચતંત્રની કહાનીઓ, અકબર-બિરબલના કિસ્સાઓ, મીંયા ફૂસકી, બકોર પટેલ, તભા ભટ્ટ વગેરે બાળવાર્તાના ચરિત્રો આજે પણ માનસપટ ઉપર અકબંધ સચવાલેયા છે.

બાળવાર્તા એ સાહિત્ય જગતનું સૌથી રસપ્રદ અને મુશ્કેલ ક્ષેત્ર છે. રસપ્રદ એટલા માટે કે એમાં કલ્પનાઓની પાંખે સમસ્ત બ્રહ્માંડનો અલૌકિક નઝારો રજૂ કરવાનો અવકાશ રહે છે. મુશ્કેલ એટલા માટે કે, બાળકની સમજશક્તિની પરિધિમાં બંધ બેસે એવા સરળ અને સાદા શબ્દોમાં વર્ણન કરીને પ્રેરણાત્મક રજૂઆત એમાં મૂકવાની હોય છે. જીવરામ જોષી, હરિપ્રસાદ વ્યાસ, ગીજુભાઈ બધેકા જેવા દિગ્ગજ બાળવાર્તા સર્જકો અને આધુનિક બાળવાર્તા સર્જકોએ બાળમાનસ ઘડતર માટે કરેલું પ્રદાન કદી ભૂલી શકાય એવું નથી.




ગુજરાત સહિત સમગ્ર ભારત અને જગતના દરેક દેશોમાં બાળકોને બાળવાર્તાના કેરેક્ટર હંમેશા રોમાંચિત કરતા હોય છે. બિરબલ એક એવું કેરેક્ટર છે કે, જેણે ઘણા સમયથી બાળકોના મનમાં સ્થાન જમાવી દીધું છે. બિરબલના નામનું જેવું આકર્ષણ છે એવું જ જબરજસ્ત આકર્ષણ ઈસ્લામિક રાષ્ટ્રોમાં મુલ્લા નસરુદ્દિનનું છે. એવું કહેવાય છે કે, મુલ્લા નસરુદ્દિન તૂર્કિના એક પ્રબુદ્ધ દાર્શનિક હતા. મુલ્લાને એની જુદી-જુદી વાતો અને કથાઓ માટે ઓળખવામાં આવે છે. ઓશો એમના પ્રવચનોમાં મુલ્લા નસરુદ્દિનના કિસ્સાઓનો ઘણીવાર રજૂ કરતા હતા.

સને ૧૫૭૧માં લખાયેલી મુલ્લા નસરુદ્દિનની સૌથી જૂની હસ્તપ્રત મળી હોવાનું કહેવાય છે. આજે તો મુલ્લા નસરુદ્દિનની કથાઓ જગતના ઘણા દેશોમાં કહેવામાં આવે છે. વિશ્વની અનેક ભાષાઓમાં એમની વાર્તાઓના અનુવાદ થયા છે. જગતભરના બાળકો મુલ્લાની વાર્તાઓ સાંભળીને રાજી થતા હોય છે. ઘણા ઈસ્લામિક રાષ્ટ્રોમાં મુલ્લા નસરુદ્દિન એમની સંસ્કૃતિનો અવિભાજ્ય અંગ બની ગયા છે. એમની રોજબરોજની જિંદગીમાં મુલ્લા નસરુદ્દિનના કિસ્સા કહાનીઓને વારંવાર ટાંકવામાં આવે છે.

મુલ્લા નસરુદ્દિનના હજારો કિસ્સાઓ પ્રચલિત હોઈ કોઈપણ પ્રસંગ માટે એમનો કોઈ ને કોઈ કિસ્સો મળી જાય છે. તૂર્કિ, પર્શિયન, આલ્બેનિયન, આર્મેનિયન, બંગાળી, બોસ્નિયન, બલ્ગેરિયન, ચાઈનીઝ, ગ્રીક, ગુજરાતી, હિન્દી, સ્પેન, રોમેનિયન, સર્બિયન, રશિયન, ઉબૈક વગેરે ભાષાઓમાં મુલ્લાનું પાત્ર જોવા મળે છે. યુનેસ્કોએ ૧૯૯૬-૯૭ના વર્ષને આંતરરાષ્ટ્રીય નસરુદ્દિન વર્ષ જાહેર કર્યું હતું.

મધ્ય પૂર્વ, દક્ષિણ એશિયા અને મધ્ય એશિયાના ઘણા લોકો મુલ્લા નસરુદ્દિનને એમના પ્રદેશના હોવાનો દાવો પણ કરે છે. ચીનમાં પણ મુલ્લા નસરુદ્દિની વાર્તાઓ ખૂબ પ્રચલિત છે ત્યાં ઉઈગર પ્રજાતિ માને છે કે, મુલ્લા ઝીનઝીંઆંગ પ્રદેશના છે. જ્યારે ઉઝબેકિસ્તાનના ઉઝબેકી લોકો માને છે કે, મુલ્લા બુખારાના હતા. મ્યુઝિકલ નસિરિદિન એપાન્ડીમમાં મુલ્લાની દંત કથાઓ સાંભળવા મળે છે. આ મોટાભાગે ઉઈગર લોકકથામાંથી ઉતરી આવેલી હોવાનું કહેવાય છે.

મુલ્લા નસરુદ્દિનના ટૂચકાઓ, વાર્તાઓ, કિસ્સાઓ બાળકોને તો ગમે જ છે સાથે-સાથે વયસ્કોને પણ પ્રભાવિત કરે છે. હસતા-હસતા જીવનના પદાર્થપાઠ શિખવતી મુલ્લા નસરુદ્દિનની કહાનીઓ સૌ કોઈને સંમોહિત કરે છે. મુલ્લા નસરુદ્દિનના દરેક કિસ્સા કહાનીઓમાં એક અદભુત સંદેશ હોય છે. અહીં મુલ્લાના કેરેક્ટરની ઉત્પત્તીના રસપ્રદ ઈતિહાસ સાથે એક નાનકડી વાત પણ મુકવી અસ્થાને નથી.

એકવાર એવી વાત ફેલાઈ ગઈ કે, મુલ્લા કોમ્યુનિસ્ટ બની ગયા છે. આ વાત જે પણ સાંભળે એ આશ્ચર્યચકિત થઈ જતા. જ્યારે એના અંગત મિત્રએ આ વાત સાંભળી ત્યારે એ તરત મુલ્લા પાસે પહોંચી ગયો અને પૂછ્યું, 'મુલ્લા તને કોમ્યુનિસ્ટનો અર્થ ખબર છે ?'

મુલ્લાએ કહ્યું, 'હાં, મને ખબર છે.'

મિત્રએ કહ્યું, 'જો તારી પાસે બે મોટરકાર હોય અને બીજા પાસે એક પણ ન હોય તો એક કાર તારે એને આપી દેવી પડે.' મુલ્લાએ કહ્યું, 'હાં, હું રાજીખુશીથી કાર આપી દઉં.'

મિત્રએ કહ્યું, 'બે મકાન હોય તો જેની પાસે એક પણ મકાન નથી એને તારુ એક મકાન આપવાનું થાય.'

મુલ્લા બોલ્યા, 'હાં, હું આપી દઉં.'

પછી, મિત્રએ કહ્યું, 'મુલ્લા તારી પાસે બે ગધેડા હોય તો એક આપી દેવો પડે.'

ત્યારે મુલ્લાએ કહ્યું, 'ના, હું આની સાથે સંમત નથી. હું એક ગધેડો ન આપી શકું. મિત્રએ કહ્યું, 'કેમ ન આપી શકે ? આ વાતનો તર્ક તો ત્યાં પણ લાગી પડે જ ને !'

મુલ્લાએ કહ્યું, 'કારણ કે મારી પાસે બે કાર કે બે મકાન નથી પણ ગધેડા બે છે.'

આવા કિસ્સાઓ છે મુલ્લા નસરુદ્દિનના. મતલબી ખ્યાલની કેવી માર્મિક સમજ આવી નાનકડી વાતમાંથી ઉભરી આવે છે !

**ધબકાર :**


જીવનને જાણવાનો અને માણવાનો આનંદ વાર્તામાંથી આવે છે.

# દેખ લી ઊંચાઈ તુને, અબ તૂં પર દીખા અપને ...જિંદગી કો હા કર દે ...સોચ કો જવાં કર દે...

અબ સાલો મેં જીના, યા મિસાલો મેં જવાબો મેં જીના, યા સવાલો મેં...
સબ હાથો મેં હે તેરે, તૂં જાનેપએક રાય દેતા હૂં જો તું માને...
જિંદગી કો હા કર દે... જિંદગી કો હા કરદે..
સોચ કો જવાં કર દે...
દર્દ કી દવા ભી તૂં , દર્દ કા મજા ભી તૂં
દર્દ અગર જો હોતા હૈ, યે સમજ તું જિંદા હૈ
દર્દ સે ખફા કયું હૈ, ઈતના બેવફા કયુ હૈ..
અપની સારી કમજોરી, અપને સારે દર્દો કો
જીને કી વજહ હૈ જો, ઉન સભી હમદર્દો કો
ઉઠ ગલે લગા અપને, ચલ હુનર દિખા અપને
દેખ લી ઊંચાઈ તુને, અબ તૂં પર દીખા અપને પઅબ તૂં પર દીખા અપને
જિંદગી કો હા કર દે પ..સોચ કો જવાં કર દે...

- ઊંચાઈ

'ઊંચાઈ'. સૂરજ બડજાત્યા દિગ્દર્શિત આ ફિલ્મ અચૂક નિહાળવા જેવી છે. અમિતાભ બચ્ચન, અનુપમ ખેર, બમન ઈરાની અને ડેની જેવા અભિનયના ખેરખાં આ ફિલ્મમાં ચાર મિત્રો છે. ફિલ્મનું સંગીત અમિત ત્રિવેદીએ આપ્યું છે અને ગીતના શબ્દો ઈર્શાદ કામિલે લખ્યા છે.




રોચક વાત એ છે કે રાજશ્રી પ્રોડકશનના ફાઉન્ડર શ્રી તારાચંદ બડજાત્યાના પૌત્ર સૂરજ બડજાત્યા જે દોસ્તીની વાત લઈને આ ફિલ્મમાં આવે છે, તે જ ''દોસ્તી'' ફિલ્મ ૧૯૬૪માં રાજશ્રી પ્રોડકશન દ્વારા જ નિર્માણ પામી હતી. ૧૯૭૩માં અમિતાભ બચ્ચન અને નૂતન અભિનીત ખૂબ જ સુંદર ફિલ્મ 'સોદાગર'નું નિર્માણ પણ રાજશ્રી પ્રોડક્શન દ્વારા કરવામાં આવ્યું હતું. અનુપમ ખેરનું સીમાચિહ્ન ચલચિત્ર એટલે 'સારાંશ'. ૧૯૮૪માં અનુપમ ખેરના સારાંશ પિક્ચરનું નિર્માણ પણ રાજશ્રીના બેનર હેઠળ જ થયું હતું. અને આજે ૨૦૨૨માં એ જ અમિતાભ બચ્ચન અને અનુપમ ખેરને ચમકાવતી આ ફિલ્મ તેમના પૌત્ર દ્વારા નિર્દેશિત કરાઈ છે, અને રાજશ્રી પ્રોડક્શન હેઠળ બનાવવામાં આવી છે. આ ફિલ્મ આમ જોવા જઈએ તો મિત્રતાની વાત કરે છે. પરંતુ ફિલ્મમાં એકની અંદર બીજી ઘણી નાની નાની કથાઓ છે. જે ફિલ્મને વધુ લાગણીસભર અને યાદગાર બનાવે છે.

ભારતીય સંસ્કૃતિની ઓળખ એટલે હિમાલય. આ હિમાલયને નેપથ્યમાં રાખીને આ ફિલ્મના કલાકારો દર્શકોને એ વાત સમજાવવામાં સફળ રહ્યા છે કે, આપણે દેખીતી ઊંચાઈ પ્રાપ્ત કરીને ભલે પોરસાતા હોઈએ પરંતુ વાસ્તવિક ઊંચાઈ મેળવવી, આંતરિક ઊંચાઈ મેળવવી એ વધુ મહત્ત્વની વાત છે. પહાડો હંમેશા માણસને નમ્રતા બક્ષે છે. અભિમાની અને તુંડમિજાજી વ્યક્તિઓને જો પહાડોના પ્રવાસ વારંવાર કરાવવામાં આવે તો ચોક્કસપણે તે પોતાનું વામનકદ જાણી શકે છે.

આ ફિલ્મ ઘણા બધા કોચલા તોડીને બહાર આવવાની મથામણ છે. સૌપ્રથમ તો આ ફિલ્મના દિગ્દર્શક સૂરજ બજારત્યાએ જ પોતાનું કોચલું તોડીને આ ફિલ્મનું દિગ્દર્શન સંપૂર્ણ અલગ રીતે કર્યું છે. 'હમ આપકે હે કો' કે 'હમ સાથ સાથ હૈ' જેવી ફિલ્મો મોટાભાગે ઘરની બહાર નીકળતી નથી. જ્યારે આમાં સૂરજ બરજાત્યાએ આઉટડોર શૂટિંગનું મહત્ત્વ સમજીને મોટાભાગનું ફિલ્મનું શૂટિંગ બંધીયાર લોકેશનની બદલે પહાડોમાં, શહેરની ગલીઓમાં અને હાઈવે ઉપર કર્યું છે.

સુરજ બડાજાત્યા પારિવારિક મૂલ્યોને દર્શાવવામાં માટે પ્રસિદ્ધ છે. તેમની ફિલ્મો પરિવાર, વડીલો, સંસ્કાર અને સંસ્કૃતિને ઉજાગર કરતી હોય છે. આ ફિલ્મમાં પણ તેવું જ છે પણ તેને રજૂ કરવાનો દષ્ટિકોણ ૩૬૦ ડિગ્રીએ તેમણે બદલી નાખ્યો છે. દરેક સિક્કાની બે બાજુ હોય છે તે પ્રમાણે બીજી બાજુને પણ નાણવાનો તેમણે સુંદર પ્રયત્ન કર્યો છે. ફિલ્મમાં લાંબા લાંબા સંવાદો કરતાં હાવભાવ અને દરેક નાના-નાના પ્રસંગોની પકડ ઉમદા છે.

ફિલ્મના ત્રણ મિત્રો અમિતાભ બચ્ચન, અનુપમ ખેર અને બમન ઈરાની ખરેખર તો તેના ચોથા મિત્રની ઈચ્છા પૂર્ણ કરવા સફર ખેડે છે તેની વાત છે. પરંતુ આ સફરનો આરંભ તેમનો આંતરિક સફર પણ દર્શાવે છે.

પિતા અને પુત્ર, માતા અને પુત્રી આ દરેક સંબંધો અને તેમાં ઊભા થતાં જનરેશન ગેપને એક નવા જ એન્ગલથી સમાધાનકારી વળાંક આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સૂક્ષ્મ અવલોકનશક્તિ હોય તો તુરંત ધ્યાનમાં આવે કે નવો ચિલો ચાતરીને બે પેઢીના વચ્ચેના અંતરને કેવી રીતે દૂર કરવું ? તેની પહેલ કોણે કેવી રીતે કરવી? આ બધી વાતોને સુરજ બરજાત્યાએ મુખ્ય કથાની સાથે ગૌણ કથામાં ભેળવી દીધી છે.

અને ફિલ્મનો મૂળ સંદેશ જીવન જીવવા માટે છે અને તે કોઈપણ ઉંમરે એટલી જ તાજગીથી, ઉમંગ અને ઉત્સાહથી જીવી જવાનું હોય છે. ઉંમર તો એકમાત્ર નંબર છે તેને આપણી માનસિકતા ઉપર હાવી થવા દેવાનો નથી. આપણે આપણા આત્મીયોથી અને આપણા મક્કમ મનોબળથી જ જીવન જીવી શકીએ છીએ.

અગાઉ કહ્યું તેમ આ ફિલ્મ કોચલા તોડીને બહાર આવવાની મથામણ દર્શાવે છે. આ પ્રમાણે જ ચોકઠાબંધ જીવન જ જીવાય. અમુક તમુક પ્રકારે જ નિર્ણયો લઈ શકાય. તેવી રૂઢિવાદી માનસિકતા બદલીને 'સોચ કો જવાં કર દે' એ પંક્તિ પ્રમાણે વિચારને હંમેશા યુવાન રાખવાની વાત કરવામાં આવી છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# બાળ શિક્ષણના ઋષિ : ગિજુભાઈ બધેકા

ભારતમાં મેડમ મોન્ટેસરીની શિક્ષણ પદ્ધતિને આત્મસાત કરી અમલ કરનાર એકમાત્ર કેળવણીકાર, બાળકોની મૂછાળી મા એટલે શ્રી ગિજુભાઈ બધેકા. જેમનો જન્મ ૧૫ નવેમ્બર ૧૮૮૫ સૌરાષ્ટ્રના ચિતલ ગામમાં થયેલો. બાળપણ વલભીપુરમાં વીત્યુ. અભ્યાસ બાદ વકીલાતનો વ્યવસાય પસંદ કર્યો. મોતીભાઈએ આપેલા મેડમ મોન્ટેસરીના પુસ્તકો પર ગહન ચિંતન કર્યું. તેમના ઘરે પુત્રના જન્મ બાદ બાળ ઉછેર અને શિક્ષણમાં વિશેષ રસ દાખવ્યો. ૧૯૨૦ માં બાલમંદિરની સ્થાપના કરી. બાળ શિક્ષણમાં અદકેરુ પ્રદાન કર્યુ. ગિજુભાઈના જન્મદિવસને ગુજરાત સરકાર બાળ વાર્તાદિન તરીકે ઉજવી રહ્યું છે ત્યારે ગિજુભાઈએ બાળકો માટે ૨૦ વર્ષમાં લખેલા ૨૦૦ થી વધારે પુસ્તકો અને તેનો સાહિત્ય જાણવું જ રહ્યું..! ગિજુભાઈએ પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ બાળ શિક્ષણ માટે વિતાવી. તેઓ દિવસે બાલમંદિર ચલાવતા અને રાત્રે લેખન કાર્ય કરતા. પોતાના શરીરનું પણ ન વિચારતા ગિજુભાઈને એક વખત નાનાભાઈ ભટ્ટે કહેલું કે, 'તમે રાત્રે ઊંઘ લેવાનું રાખો. ત્યારે ગીજુભાઈએ કહેલું કે, હું એક અવતારમાં સાત અવતારનું કામ કરવા માંગુ છું. કદાચ એટલે જ જુગતરામભાઈ દવે એ ગિજુભાઈને બાળકોના ગાંધી કહ્યા હતા. પ્રવર્તમાન સમયમાં વ્યક્તિગત મહત્વકાંક્ષાઓ અને પૈસા કમાવા માટે દોડતા માતા પિતાને માટે બાળકોને સમજવા ગિજુભાઈએ વિપુલ સાહિત્યની ભેટ આપી છે. ગિજુભાઈ માનતા હતા કે, બાળકોનું શિક્ષણ ચાલતું શિક્ષણ હોવું જોઈએ. હરતું ફરતું હોવું જોઈએ. માત્ર વર્ગખંડ નહીં પરંતુ પ્રકૃતિ, આકાશ, તારા, પતંગિયા, નદી અને તળાવ પણ શિક્ષણનો ભાગ છે. બાળકોને ડરાવશો નહીં, મારશો નહીં, બાળક તો દેવ સમાન છે. સાચો શિક્ષક જીવનને સમગ્રતામાં જોવે છે. ગિજુભાઈએ પોતાના ચિંતનમાં સૌપ્રથમ વખત બાળકને કેન્દ્રમાં મૂક્યું. બાળકના વ્યક્તિત્વનો સ્વીકાર એ જ તેના માટે સૌથી મોટું સન્માન છે આ વાત સમજાવી. તેઓ કહેતા કે, બાળકોની શાળાના હોઈ શકે તેનું તો બાલમંદિર જ હોય..! ગિજુભાઈએ બાળકોના શિક્ષણમાં ગીત, નાટક, વાર્તા અને પ્રાર્થનાનું મહત્વ સમજાવ્યું છે. તેમણે પ્રવાસને પણ વર્ગ શિક્ષણનો એક ભાગ ગણાવ્યો છે. અભ્યાસનો ભાર હોવો જ ન જોઈએ. તેનામાં તો પ્રકૃતિ થકી ઉદારતા અને ધૈર્યના ગુણો વિકસાવવાના છે. બાળકમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન વ્યવહારથી અને આચરણથી કરવાની વાત કરી છે. શિક્ષકે ક્યારેય બાળક પર ગુસ્સે થવું ન જોઈએ. ગિજુભાઈને કદી કોઈએ ગુસ્સે થયેલા જોયા નથી. તેઓ કહેતા કે ગુસ્સો તો એના પર કરાય કે જે સમજદાર હોય, બાળકો તો ઈશ્વરનું રૂપ છે તેને તો પ્રેમ જ કરવાનો હોય. શ્રી મનુભાઈ પંચોળી એ કહેલું કે, 'છેલ્લા ૧૦૦ વર્ષમાં અનેક શોધખોળો થઈ છે પરંતુ તેમાં સૌથી મોટી શોધ એ બાળ શિક્ષણની છે. કેમ કે તે મનુષ્યની અંદરની શોધ કરે છે. આથી બાળશિક્ષણ એ વિશ્વશાંતિની ગુરુકિલ્લી સમાન છે. શ્રી મનસુખભાઈ સલ્લા



જણાવે છે કે, જાપાનના એક આચાર્યને તેત્સુકો નામની વિદ્યાર્થીની મળી અને એટલે તોતોચાન જેવું પુસ્તક મળ્યું. જો ગીજુભાઈને કોઈ વિદ્યાર્થીએ એ રીતે આલેખ્યા હોત તો કદાચ એથી પણ વધારે સારું પુસ્તક પ્રાપ્ત થઈ શક્યું હોત.! આજનો બાળક એ આવતીકાલનો નાગરિક છે ત્યારે તેની સંભાળમાં કોઈ કચાશ ન રહે તે જવાબદારી આપણી બધાની બને છે. બાળકોના શિક્ષણ માટે આ એક પ્રસંગ માર્મિક ટકોર કરી જાય છે. એક વખત મેડમ મોન્ટેસરીને કોઈએ કહેલું કે ઈઝરાયેલમાં મધ આપે પરંતુ ડંખ ન મારે તેવી મધમાખીની શોધ થઈ છે. જવાબમાં મેડમ મોન્ટેસરીએ કહેલું કે આપણે તો ડંખ ન મારે એવા માણસોની શોધ કરવાની જરૂર છે. ગિજુભાઈ બધેકાએ વાત્સલ્યથી બાળકોની ભાવસૃષ્ટિને સમજવા, માત્ર બુદ્ધિ નહીં પરંતુ સમજ અને આનંદનો વિકાસ થાય તેવું શિક્ષણ આપવા પર ભાર મૂક્યો છે. તેઓ ભારમુક્ત શિક્ષણના હિમાયતી હતા. તેમના મતે શાળાનું નાનકડું બાળક પણ આચાર્યને સૂચન આપી શકે તેટલું ખુલ્લાપણું આપણી વ્યવસ્થામાં હોવું જોઈએ. ગિજુભાઈ બાલમંદિરના પ્રત્યેક બાળકના નામ પાછળ ભાઈ કે બહેન લગાડીને જ બોલતા. બાળઉછેરની સમસ્યાઓ, પડકારો અને ચિંતાઓથી ઘેરાયેલા માતા-પિતાએ ગિજુભાઈ નું સાહિત્ય વાંચવું જ રહ્યું..! પોતાનું સમગ્ર જીવન બાળ શિક્ષણમાં સમર્પિત કરી દેનાર શ્રી ગિજુભાઈને તેમના જન્મ દિને શત શત વંદન..

બાળ દેવો ભવ...

ડૉ. કુણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
મો.૯૪૨૯૨૯૭૭૩૭
kmpanchal515@gmail.com

# માનવ સેવાની યાત્રાના મીઠા-મધુરા સ્મરણો કર્મવીર જયંતિલાલ બારોટ ગ્રંથમાં સચવાયા છે

'એમનો આચાર-વિચારમાં રાષ્ટ્રપ્રેમ, પક્ષ અને સંગઠન ધબકતા જણાય છે.'

'પ્રજા કલ્યાણના કાર્યો માટે એમણે જીવન સમર્પિત કર્યું છે.'

'સાદગી, પરિશ્રમ અને સંઘર્ષનો સમન્વય હતો એમના વ્યક્તિત્વમાં'

આ અને આવા સહજ વાક્યો એમની સાથે કામ કરનારા લોકોએ અમને કહ્યા અથવા લખીને આપ્યા. એમાં એ દિવંગત વ્યક્તિત્વ પ્રત્યેનું માન પ્રગટ થતું હતું.

થોડા સમય પહેલા એક જીવન ચરિત્ર લેખન નિમિત્તે જેમના વિચાર અને કાર્યોને સમજવાની કોશિષ કરી એ વ્યક્તિત્વની અહીં વાત કરવી છે, એ વ્યક્તિત્વ એટલે સ્વર્ગસ્થ શ્રી જયંતિલાલ બારોટ. સહુની જેમ જ સામાન્ય માણસ તરીકે જન્મ લઈને જયંતિલાલ બારોટે એમના જીવનમાં માણસ માત્રના ઉત્કર્ષ માટે, રાષ્ટ્રપ્રેમથી પ્રેરિત થઈને અસામાન્ય કાર્યો કર્યા. એમના સુપુત્ર તરુણ બારોટ કહે છે કે 'ઘસાઈને ઉજળા થઈએ, બીજાના ખપમાં આવીએ' આ વાક્ય તેમાં બહુ ગમતું હતું અને જયંતિલાલ બારોટ જીવનમાં આ વાક્યને બરાબર રીતે જીવ્યા હતા. ભારત સેવા કેન્દ્રના માધ્યમથી માનવ સેવાની આ મશાલ અમારે પણ પ્રજ્જવલિત રાખવી છે.'

મહેસાણા જિલ્લાના લીંચ ગામમાં લક્ષ્મીબહેન અને સીતારામ ભાઈના પરિવારમાં ૨૪/૦૮/૧૯૪૨ના રોજ એમનો જન્મ થયો. ૧૯૬૦માં એમના લગ્ન થયા. હંસાબહેન સાથે, એમના પરિવારમાં ચાર સંતાનો થયા જેઓ જયંતિભાઈના આદર્શોને સાચવીન જીવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરી રહ્યા છે.

એમની યુવા અવસ્થામાં જ લીડરશીપના, સંગઠનના ગુણો પ્રગટવા માંડ્યા હતા, એટલે ગામના યુવાનોનો સાથ લઈને તેઓ લીંચ દૂધ ઉત્પાદન સહકારી મંડળી, લીંચ પ્રગતિ યુવક મંડળ વગેરેની સ્થાપના કરવામાં ઊંડો રસ લીધો અને જે તે સમયે ગ્રામ વિકાસના અનેક કાર્યો સફળતાથી પાર પાડ્યા. લીંચ ગામના સરપંચ તરીકે સતત ૧૩ વર્ષ અખંડ સેવા ભાવના સાથે ગ્રામ વિકાસનું કામ કર્યુ.

રાષ્ટ્રવાદની વિચારધારા સાથે કામ કરતા ભારતીય જનસંઘ રાજકીય પક્ષમાં તેઓ જોડાયા. ૧૯૭૧માં જનસંઘના મહેસાણા જિલ્લાના સંગઠન મંત્રી તરીકે કામગીરી સ્વીકારી ત્યારથી લઈને તેઓ એમના જીવનના અંતસુધી પછીથી ભારતીય જનતા પાર્ટી તરીકે ઓળખાયેલા એ પક્ષની વિચારધારાનો સમર્પિત રહ્યા. સંગઠનમાં અદ્ભૂત અને પાયાનું કામ કર્યુ. લોકોનો વિશ્વાસ સંપાદિત કરીને, પક્ષ સાથે જોડ્યા.




અગિયાર મહિનાનો 'મીસા'નો કારાવાસ, પંચાયતી રાજ ક્ષેત્રની કામગીરી, ખાદીબોર્ડ, રાજયસભાના સાંસદ, હાઉસિંગ બોર્ડ અને પછાત વર્ગ વિકાસ નિગમની કામગીરીમાં જીવ રેડીને જાણે તેઓએ કામ કર્યુ.

'કાકા'ના ઉપનામથી ઓળખાતા જયંતિલાલ બારોટે સતત કોઈ જ અપેક્ષા વિના સેવા કર્યા કરી, 'સેવા પરમો ધર્મ' સૂત્રને સાર્થક કરતા શ્રી સીતારામ સેવા ટ્રસ્ટ, લીંચ દ્વારા આજે પણ માનવ સેવાના અનેક કાર્યો થઈ રહ્યા છે.

જયંતિલાલ બારોટ સાથેના સ્મરણો યાદ કરનારા મોટાભાગનાએ કહ્યું કે તેઓએ ઘર કે પરિવાર કરતા પક્ષ અને રાષ્ટ્રહિતને જ મહત્ત્વના ગણ્યા હતા. પક્ષના કાર્યકર્તાઓનું મજબૂત ઘડતર કર્યુ. વિપરિત સ્થિતિમાં પણ પક્ષ પ્રત્યેની નિષ્ઠાથી જીવ્યા. બધાને મદદ કરી પણ હોદ્દાની રૂએ પોતાના પરિવારને કયારેય કોઈ લાભ ના મળે એની પૂરી તકેદારી રાખીને ઈમાનદારીથી જીવ્યા. આજે પણ એમનું નામ આદરથી લઈને, એમના કામને યાદ કરનારા કાર્યકરો ગુજરાતના ગામડે ગામડે મળી આવે છે, જે જયંતિલાલ બારોટે મેળવેલા જન વિશ્વાસની નિશાની છે. સામાન્ય માણસ પોતાના પ્રશ્નો લઈને એમની પાસે જાય તો એને વિશ્વાસ હોય કે મારું કામ થશે જ!!! સતત પ્રવાસ કર્યો, સતત સંગઠનના કામ કર્યા. કયારેય થાક્યા નહિ, દંભી અને આડંબર વિના સાદગીથી જીવ્યા.

એમના પત્ની હંસાબેન કહે છે કે, 'મારા પતિ જે જીવન જીવ્યા તેમનું મને ગર્વ છે.' સરળ, પ્રેમાળ વ્યક્તિત્વના સ્વામી, જયંતિલાલ બારોટે એમના સંતાનોને રાષ્ટ્રવાદ અને શિસ્તના સદ્ગુમો વારસામાં આપ્યા છે. એમની સાથે કામ કરનારા શ્રી પુરુષોત્તમ રૂપાલા જયંતલિલાલ બારોટને 'પાર્ટીના પેટવડિયા મજૂર' તરીકે ઓળખાવે છે તો એવા જ જૂના સાથે શ્રી હરિન પાઠક એમને 'નખશિખ ઈમાનદાર - પાર્ટીના વફાદાર વ્યક્તિત્વ' તરીકે સહજ સ્મરણ કરે છે.

સામાન્ય માણસ અને પાર્ટીના સંગઠન માટે જ તેઓ જીવ્યા હતા. કોઈ એક જ્ઞાતિ કે પ્રદેશના નહિ, પૂરા ગુજરાતના સંગઠનના વાહક હતા જયંતિલાલ બારોટ એટલે ગુજરાતના કોઈ પણ ગામના કાર્યકરો સાથે તેઓનો જીવંત સંપર્ક હતો. આખ્ખાયે ગુજરાતના ગામોના શેરી-ગલીના રસ્તાઓ એમના મનના જીપીએસમાં જાણે અંકિત હતા. જનસંઘ અને ભાજપાની મહત્ત્વપૂર્ણ યાત્રાઓના આયોજનમાં તેઓ હંમેશા અગ્રેસર રહ્યા હતા.

મહેસાણા જિલ્લામાં લીંચ ગામથી શરૂ થયેલી એમની સમાજ સેવાની અને માનવ સેવાની યાત્રાના મીઠા-મધુરા સ્મરણો કર્મવીર જયંતિલાલ બારોટ ગ્રંથમાં સચવાયા છે. એમ કહોને કે પાને પાને એમના જીવન ચરિત્રના સદ્ગુણોના દીવડાના અજવાળા રેલાયા છે.